રૂદ્રાભિષેક મંડળ દ્વારા આજે રૂદ્રપૂજનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર રૂદ્રિમંડળના સેક્રેટરી નરેન્દ્રભાઈ જાનીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વૈજનાથ મહાદેવ મંદિર, સેક્ટર-૨૧માં લઘુરૂદ્ર મંડળ તરફથી રૂદ્રપૂજનનું આયોજન તા. ૧૩મી ઓક્ટોબર-૨૦૧૨ને શનિવારે સાંજે ૪.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. ગાંધીનગરના સર્વે ભક્તજનોને ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રાદ્ધ પર્વ નિમિત્તે રાંધેજા ખાતે ભારતીબાપુની વ્યાસ પીઠે ભવ્યાતીભવ્ય શીવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાંધેજાના ગ્રામજનો ઉપરાંત આસપાસના વિસ્તારના અસંખ્ય ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા અને શીવકથાનો લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૬
સૂર્યાસ્ત : ૬.૧૯

તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે. લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૪૩ ટકા

મનોરંજન

સિટી પ્લસ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
ભૂત ૨ : ૧૦.૩૦, ૧૨.૩૦
: સ્ક્રીન-૨ :
ઇંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૭.૦૦
અઈય્યા : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઇંગ્લીશ વિંગ્લીશ : ૩.૩૦, ૧૦.૦૦
અઈય્યા : ૧૨.૩૦, ૬.૩૦
: સ્ક્રીન-૪ :
ચિત્તાગોંગ : ૧૨.૩૦, ૨.૩૦
મખ્ખી : ૧૦.૦૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ (૩ડી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫
મખ્ખી : ૧૧.૪૫, ૩.૪૫, ૮.૧૫
: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
અઈય્યા : ૯.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
બર્ફી : ૧૨.૪૫
: સ્ક્રીન-૪ :
ઇંગ્લીશ વિંગ્લિસ ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ભૂત- ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રૂદિયે વાલા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
ઓહ! માય ગોડ : ૧.૩૦, ૪.૩૦,
: સ્ક્રીન-૨ :
અઈય્યા : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
મખ્ખી : ૧.૪૫, ૪.૧૫

સિરાગ, કલોલ

ભૂત રીર્ટન : ૧૦.૪૫, ૩.૪૫, ૮.૩૦
મખ્ખી : ૧૨.૪૫, ૬.૦૦, ૧૦.૩૦

આંબેડકર હોલ

- બામ સેફ તથા મૂળ નિવાસી સંઘ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

આપની આજ

મેષ : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

વૃષભ : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મિથુન : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

કર્ક : મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. આપે વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું હિતકારી થઈ શકશે.

સિંહ : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

કન્યા : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

તુલા : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

વૃશ્ચિક : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

ધન : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ-કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મકર : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

મીન : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. પ્રેમીલાબેન રામસિંઘભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૬) પ્લોટ નં. ૨૨૬/૧, સેક્ટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. કાન્તાબેન ચીમનલાલ સોની (ઉ.વ. ૭૯) ૭૧૨, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. વિદ્યાબેન ગોવિંદભાઈ પટેલ (ઉ.વ. ૬૨) પ્લોટ નં. ૮૫૭/૧, સેક્ટર-૫-સી, ગાંધીનગર.
- સ્વ. સુશીલાદેવી દિનાનાથ યાદવ (ઉ.વ. ૫૫) બી/૩૦૬, દ્વારીકા સોસાયટી, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબેન મંગળદાસ નાયી (ઉ.વ. ૭૦) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.

મગોડી ગામથી ગુમ થઈ ગયેલો કિશોર હરદ્વાર જતો રહ્યો હતો

માતા-પિતા બે-ત્રણ વખત હરદ્વારા સાથે ન લઈ જતા પુત્ર ઈચ્છા પુરી કરવા ઘરેથી ચાલી ગયો હતો

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર નજીક મગોડી ગામમાં રહેતાં ૧૬ વર્ષીય હર્ષિત જાદવ પોતાના માતા-પિતા બે થી ત્રણવાર હરદ્વાર યાત્રાએ ગયા હતા. પરંતુ પુત્રને સાથે ન લઈ જતાં પોતાની મહત્વકાંક્ષા પૂર્ન કરવા તા. ૪-૧૦-૧૨ના રોજ ૭.૦૦ વાગ્યાના સમય દરમ્યાન પુત્રએ મનોમન ઘર છોડી ભાગી જવાનો નિશ્ચય લઈ કોઈને કહ્યા વિના ચાલ્યો ગયો હતો. પરિવારજનોએ પોતાના વ્હાલસોયા કિશોરને શોધવા દોડધામ શરૂ કરી હતી. પણ તેને ક્યાય પત્તો ન લાગતા ચિલોડા પોલીસમથકમાં જાણવાજોગ અરજીના આધારે કિસોરની સઘન તપાસ આરંભી હતી. ગુમ થયેલ કિશોર પાતળા બાંધાનો, મોઢુ લંબગોળ, વાદળી કલરનું ટી-શર્ટ, ક્રિમ કલરનું પેન્ટ પહેરલ હતુ. આ ગુમ થયા બાદ કિશોર હર્ષિત યાદવે પોતાની ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે દહેગામથી વાયા હિંમતનગર, ઉદેપુર, ચિત્તોડગઢ, અજમેર, હરદ્વાર ટ્રેન દ્વારા પહોંચ્યો હતો. હરદ્વારના હરકી પૌડી ગંગાજીના મંદિરે દર્શન કરવા ગયો હતો. ત્યાંના એક મહારાજનો સંપર્ક થતાં કિશોરને ઉંડી પુછપરછ કરતાં મહારાજે માતા-પિતાના મોબાઈલનો નંબર મેળવી પિતાને જાણ કરી હતી. ત્યારબાદ રમેશભાઈ જાદવ પોતે હરદ્વાર જઈ કિશોરને હેમખેમ પોતાના માદરે વતન મગોડી લઈ આવ્યા હતા. આ કિશોર માતા-પિતાને પરત મળતાં ભારે રાહતનો દમ લીધો હતો. ત્યારબાદ કિશોરને ચિલોડા પોલીસ સ્ટેશનમાં પરિવારજનો સાથે લાવતા પી.એસ.આઈ. એચ.બી. વાઘેલા સાહેબે કિશોરની પૂછપરછ દ્વારા સમગ્ર હકીકત મેળવવા પ્રયત્ન કર્યા હતા. આ કિશોરે પૂછપરછમાં હરદ્વારની યાત્રા દર્શનની તલસ્પર્શી વિગતો જણાવી હતી.

મહા ક્ષત્રિય સભાની ૧૬મીએ ખાસ બેઠક

ગાંધીનગર, તા. ૧૨

મહા ક્ષત્રિય સભાના પ્રમુખ શ્રી વિક્રમસિંહજી ખાચરના અધ્યક્ષસ્થાને તા. ૧૬મી ઑક્ટોબરનાં રોજ તાકીદની ખાસ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં પૂર્વમમંત્રીઓ, ધારાસભ્યોશ્રીઓ, હોદ્દેદારો, ઝોનના હોદ્દેદારો, મહિલા જિલ્લા-તાલુકાના કાર્યકરો હાજર રહેશે. મિટીંગ - સ્વાગત પ્લાઝા, બીજો માળ, ઈસ્કોનથી બોપલ રોડ તરફ અમદાવાદમાં સવારે ૧૦ વાગે મળશે.

બાલવા ચોકડીથી પસાર થતી ટ્રકમાંથી દારૂનો મસ મોટો જથ્થો ઝડપાયો

૩. ૧૯.૧૫ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ : પાંચ બુટલેગરો વોન્ટેડ : ચુંટણી પહેલા દારૂની મોટા પાયે હેરાફેરી શરૂ

કલોલ, તા.૧૨

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલી બાલવા ચોકડી પાસે વહેલી પરોઢે પોલીસે બાતમીને આધારે વોચ ગોઠવીને વિદેશી દારૂનો જથ્થો ભરેલી આઈશર ટ્રક ઝડપી પાડી છે. આઈશરની તલાશી લેતા તેમાંથી ૨૪૦ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આઈશરમાં બેસેલો એક બુટલેગર ઝડપાઈ ગયો છે જયારે અન્ય પાંચ શખ્સો ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. કલોલ તાલુકા પોલીસે દારૂ સહીત રૂ. ૧૯.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને એક શખ્સની ધરપકડ કરી વોન્ટેડ શખ્સોની શોધખોળ માટે તજવીજ શરૂ કરી છે.

ચુંટણીની તારીખ ડીકલેર થઈ ગયા બાદ દારૂની હેરાફેરી જોરશોરથી શરૂ થઈ જવા પામી છે. ક્યાંક પોલીસની રહેમ નજર હેઠળ તો ક્યાંક પોલીસની નજર ચુકવીને બુટલેગરો દારૂનો જથ્થો એકત્ર કરવાના કામે લાગી ગયા છે. ત્યારે ગઈ કાલે મોડી રાત્રે કલોલ તાલુકા પી.આઈ. પી.ઓ. ભટ્ટને બાતમી મળી હતી કે બાલવા રોડ પરથી વહેલી પરોઢે વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને આઈશર ટ્રક નં. જીજે ૭ વાય. ૬૨૦૧ ફેરો મારવાની છે જેને આધારે પરોઢે ચાર વાગ્યે બાલવા ચોકડીએ વોચ ગોઠવી દઈ આઈશર ટ્રકને પકડી પાડી હતી. આઈશરમાં બેઠેલો ડ્રાઈવર પોલીસને જોઈને રફુચક્કર થઈ ગયો હતો. જયારે એક બુટલેગર ગુલાબસિંહ ઉર્ફે ચિન્ટુ નટવરસિંહ ચૌહાણ ઝડપાઈ ગયો હતો. પોલીસે આઈશરની તલાશી લેતાં તેમાંથી એક પછી એક ૨૪૦ પેટી જુદી જુદી બ્રાન્ડની દારૂની બોટલો મળી આવી હતી. રૂ.૯,૧૪,૪૦૦ની કિંમતનો દારૂ તથા મોબાઈલ અને રૂ. ૧૦ લાખની ટ્રક મળી રૂ. ૧૯,૧૪,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને એક બુટલેગરની ધરપકડ કરી લીધી છે. સાબરકાંઠા જિલ્લાની આ બુટલેગર ગેંગના અન્ય સાગરીતો એક સિલ્વર રંગની કારમાં ટ્રકની આગળ પાયલોટીંગ કરી રહ્યા હતાં. આ શખ્સો જયેન્દ્ર ઉર્ફે જીગર કમલસિંહ શેખાવત, અનીલ લક્ષ્મણ મનાત, ઈમ્તીયાઝ અબ્બાસભાઈ સુમારા, અલ્પેશ જયંતિ સુમારા ફરાર થઈ ગયા હતા અને ટ્રક ચાલક પણ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી સઘન તપાસ આરંભી છે.

વડનગરા નાગર મંડળને મહેશભાઈ રાવલ તરફથી ભગવાનશ્રી હાટકેશ પ્રભુની પાલખી અર્પણ કરવામાં આવી હતી તે પ્રસંગે સમાજના આગેવાનો અને મોવડીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

વિશ્વના નવ દેશના ૧૫ સભ્યોના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીની મુલાકાત લઈ માહિતી મેળવી

ગાંધીનગર, તા. ૧૨

વિશ્વના નવ દેશના ૧૫ સભ્યોનું એક -તિનિધિ મંડળ ભારતમાં યોજાતી ચુંટણી -ક્રિયાના તાલીમી અભ્યાસાર્થે આવ્યું છે. ગુજરાતની મુલાકાતે આવેલા આ -તિનિધિમંડળે આજરોજ ગાંધીનગર જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર શ્રી પી. સ્વરૂપની મુલાકાત લીધી હતી. શ્રી પી. સ્વરૂપે -તિનિધિ મંડળને જિલ્લાની પાંચ વિદ્યાન સભા બેઠકની ચૂંટણી -ક્રિયાની પુર્વ તૈયારીઓની વિસ્તૃત માહિતી આપી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી.સ્વરૂપે -તિનિધિ મંડળને ભારતીય ચૂંટણી પંચની કાર્ય-ણાલીથી વાકેફ કર્યા હતા. ત્યારબાદ ગાંધીનગર જિલ્લા વિદ્યાનસભાની ચૂંટણી -ક્રિયા અને આદર્શ આચાર સંહિતાની સંપૂર્ણ -ક્રિયાની માહિતી આપતા જણાવ્યું હતું કે, સમગ્ર ચૂંટણી -ક્રિયા શાંતિપૂર્ણ મહોલમાં યોજાય અને જિલ્લામાં આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિડીયો સર્વેલન્સ ટીમ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ, ફ્લાઈંગ સ્કોડ, વિડીયો વ્યુવીંગ ટીમ, એકાઉન્ટીંગ ટીમ અને એમ.સી.એમ.સી ટીમની રચના કરવામાં આવી છે. સર્વે સભ્યોનેઆ ટીમોની કાર્ય પધ્ધતિથી વાકેફ કર્યા હતાં. તેમજ જિલ્લામાં ચૂંટણી -ક્રિયા દરમ્યાન ઉભા કરવામાં આવેલ પોલીગ સ્ટેશન, કેટલા સ્ત્રી અને પુરૂષ મતદારો, ઈપી રેશિઓ, એપીક રેશિઓ, કેટલા અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ચૂંટણીલક્ષી કામ કરશે જેવી અનેક વિસ્તૃત વાત કરી હતી.

સમગ્ર દિવસ દરમ્યાન ગાંધીનગર જિલ્લાની મુલાકાતે આવેલ પનામા, યુગાન્ડા, સુદાન, મ્યાનમાર, ઝાંબિયા, પેલેસ્ટાઈન, નાઈઝરથી આવેલા -તિનિધિ મંડળે કલેકટર કચેરીના મતદાન સહાયતા કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમજ સ્ટેટિક સર્વેલન્સ ટીમની કામગીરી જાત અનુભવ કર્યો હતો. મતદાન કેવી રીતે કરવું તેની મોકપોલ પણ યોજાઈ હતી. તેમજ -તિનિધિ મંડળના વિવિધ ૈની પણ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપે વિગતવાર સમજૂતી આપી હતી.સમગ્ર ચૂંટણી -ક્રિયાની કામગીરી ની -તિનિધિ મંડળે -સન્નતા કરી હતી.

ગાંધીનગરના આંગણે દિવ્ય જીવન જ્ઞાન પર્વ પરિષદ યોજાશે

સંતો-મહંતોની દિવ્ય અનુભવ વાણીનો શ્રોતાવર્ગ લાભ લેશે

ગાંધીનગર, તા. ૧૨

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખા દ્વારા પ.પૂ. સ્વામી શિવાનંદ મહારાજની ૧૨૫મી જન્મ જયંતિના ઉપલક્ષ્યમાં દિવ્ય જીવન જ્ઞાન પર્વ પરિષદ-૨૦૧૨ તા. ૨, ૩ અને ૪ નવેમ્બર-૨૦૧૨ના રોજ પથિકાશ્રમની સામે અને સિવિલ હોસ્પિટલની પાસે આવેલા શ્રી બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨-ડી ગાંધીનગર ખાતે યોજાશે.

જ્ઞાન પર્વ પરિષદમાં દિવ્યજીવન સંઘના મુખ્ય મથક ઋષિકેશ શિવાનંદનગરના વરિષ્ઠ સન્યાસી મહાત્માઓ ખાસ ઉપસ્થિત રહી સત્સંગ અને આધ્યાત્મિક જ્ઞાનની અનુભવ વાણીનો અનેરો લાભ આપશે.

દિવ્ય જીવન જ્ઞાનપર્વનો શુભારંભ ૧લી નવેમ્બરે બપોરે ૪ થી સાંજના ૭ કલાક દરમિયાન કરવામાં આવશે. આ પ્રસંગે શાખાના કાર્યાલય પ્લોટ નં. ૨૦૫, આનંદનગર, ૨૪ ચોકડી પાસેતી સરઘસાકારે મંગલ વાદ્યો, મહામંત્રદૂન સાથે મંગળ પ્રસ્થાન સાથે ૨૪ ચોકડી, ઘ-૬, ઘ-૫ અને ઘ-૪ ચોકડી થઈ શિબિરના સ્થળે પહોંચી બલરામ મંદિર પરિસરમાં દીપ પ્રાગટ્ય સાથે સૌનું સ્વાગત અને અભિવાદન કરવામાં આવશે. શિબિરાર્થીઓનું નામાંકન, ડેલિગેટ પાસ અને કિટ્સનું વિતરણ બાદ રાત્રે ૮.૩૦ થી ૧૦ સત્સંગ કાર્યક્રમ યોજાશે. તા. ૨ નવેમ્બરના રોજ પ્રથમ સત્ર સવારે ૫.૩૦ થી ૭.૧૫ દરમિયાન યોજાશે. જેમાં ભક્તિ વંદના અને યોગાસન મંત્રલેખન તતા સમૂહ જપયન યોજાશે. બીજુ સત્ર સવારે ૮.૩૦ થી બપોરે ૧૨ કલાકસુધી યોજાશે. જેમાં પ.પૂ. સ્વામી ધર્મ નિષ્ઠાનંદ મહારાજની નિશ્રામાં સમૂહ પાદુકાપુજન થશે. ત્યારબાદ વરિષ્ઠ સંતો, અતિથિઓનું સ્વાગત, સાહિત્ય પ્રકાશનોનું વિમોચન તથા મેડિકલ કેમ્પ કેમ્પેઈન યોજાશે. સંતોના આશીર્વાદ, વિશ્વ પ્રાર્થના સમૂહગાન યોજાશે. ત્રીજા સત્રમાં ભક્તો દ્વારા વિચાર ગોષ્ઠી, ભક્તિયોગ, દિવ્યજીવન પર પ્રશ્નોત્તરી વગેરે તથા રાત્રે ચોથા સત્રમાં ભક્તિગીતો, બંસીવાદન વગેરે કાર્યક્રમ યોજાશે. દ્વિતીય અને તૃતીય દિને પણ ભક્તિવંદના, સમૂહ સાધના, આધ્યાત્મિક પ્રવચન, સમૂહપાઠ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે યોજાશે. જેનો જાહેર જનતા લાભ લઈ શકશે. તેમ પ્રમુખ સી.એમ. ગોહિલે જણાવ્યું છે.

મેદરા કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા મેદરા પુલ પાસે નર્મદા કેનાલમાંથી યુવાનનો તરતો મૃતદેહ દેખાઈ આવતા ડભોડા પોલીસને સિકયુરીડી ગાર્ડે જાણ કરતાં પી.એસ.આઈ. રાઠવા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહ બહાર કાઢી તપાસ કરતાં તેની પાસેથી ઓળખ થાય તેવી કોઈ ચીજવસ્તુઓ મળી આવી ન હતી. આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના આ યુવાને શરીરે કાળી લાઈનીંગવાળો સફેદ શર્ટ અને કાળુ પેન્ટ પહેર્યું છે. પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વાલી વારસની શોધખોળ આરંભી છે.

ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ ૧૩મીએ સ્વ. કિશોરભાઈ નંદાને શ્રદ્ધાંજલિ અર્પશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ મધુકર પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સ્વ. કિશોરભાઈ લાલજીભાઈ નંદાના સ્વર્ગવાસને દુઃખદ ગણાવી સ્વર્ગસ્થના આત્માને પરમ શાંતિ મળે અને તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ અસાધારણ દુઃખને સહન કરવાની પ્રભુ શકિત આપે અને સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ તા.૧૩મી ઓકટોબર ૨૦૧૨ને શનિવારે સાંજે ૪ કલાકે સરકારી પ્રાથમિક શાળા, સેકટર-૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો છે. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમમાં સમગ્ર દલિત સમાજને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ મધુકર પરમારે જણાવ્યું છે.